રસ્તાના કામમાં ભ્રષ્ટાચારની ગંધ | વરસતા વરસાદમાં RCC રોડનું કામ ચાલુ રખાતા વિવાદ

# ખેડા નગરપાલિકાના રસ્તાના કામમાં ‘અણઘડ’ TPIની પોલ ખૂલતા હોબાળો

**ટેકનિકલ** જાણકારી વગરના માણસોને ભરોસે જનતાના નાણાંનું ધોવાણ થતું હોવાનો આક્ષેપ


સ્થાનિકોના વિરોધ વચ્ચે પોલીસ બંદોબસ્ત સાથે કામ ચાલુ રખાતાં વિવાદ
ખેડામાં વરસાદમાં આરસીસી રોડના કામમાંબેદરકારીનેલઈરહીશોનોહોબાળો
**ટેકનિકલ** અધિકારી અને કોન્ટ્રાક્ટરની ગેરહાજરીથી તર્કવિતર્ક
કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી થશે : ચીફ ઓફિસર

(પ્રતિનિધિ) ખેડા તા.૨૨

ખેડા નગરપાલિકા વિસ્તારમાં હાલમાં ચાલી રહેલા વિકાસ કામોમાં ગુણવત્તાના નામે મીંડું હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. ધોધમાર વરસાદની વચ્ચે પણ આરસીસી રોડનું કામ ચાલુ રાખવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શનની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. આશ્ચર્યની વાત એ છે કે, જેમને રોડના કામની ટેકનિકલ સમજ હોવી જોઈએ, તેમને સાદા માપ અને મિશ્રણની પણ જાણકારી નથી.

ખેડા નગરપાલિકા અને કોન્ટ્રાક્ટરની મિલીભગતની પોલ ત્યારે ખુલી જ્યારે રાહુલ નામનો એક વ્યક્તિ, જે પોતાને ટીપીઆઈ ગણાવતો હતો, તે સ્થળ પર પહોંચ્યો હતો. આ વ્યક્તિને ઈંચ કે એમએમના માપની પણ ગમ નથી, એટલું જ નહીં, રેતી, કપચી કે સિમેન્ટનું કેટલું પ્રમાણ હોવું જોઈએ તેની પણ તેને ખબર નથી. ગંભીર બાબત એ છે કે રોડની મજબૂતી માટે અત્યંત જરૂરી એવી એમ25 સ્ટ્રેન્થ વિશે પણ આ કહેવાતા નિષ્ણાંત અજાણ જોવા મળ્યા હતા. આવા બિનઅનુભવી લોકો દ્વારા થતી તપાસને કારણે ખેડામાં ભ્રષ્ટાચારની બૂમો ઉઠી છે.

આ સમગ્ર મામલે ખેડા નગરપાલિકાના ચીફ ઓફિસર બિજલ પટેલે હાલ પૂરતું કોન્ટ્રાક્ટરને કામ બંધ કરવા આદેશ આપ્યો છે. જોકે, ચીફ ઓફિસરનું નિવેદન વધુ મુંઝવણ પેદા કરનારું છે. તેમણે જણાવ્યું કે, આ વ્યક્તિ ટીપીઆઈ નથી પણ એજન્સીનો માણસ છે. તો પ્રશ્ન એ થાય છે કે જો તે ટીપીઆઈ નથી, તો તે પાલિકામાં બેસીને શું કરે છે અને જ્યાં સીસી રોડનું કામ ચાલુ હતું ત્યાં તે કયા અધિકારથી પહોંચ્યો હતો ?

### ભ્રષ્ટાચારના આક્ષેપોથી પાલિકા ઘેરાઈ

સ્થાનિકોના મતે, આવા ‘ગાંઠડ’ અને બિનઅનુભવી લોકોના ભરોસે કામ છોડી દેવામાં આવતું હોવાથી જ રોડની ગુણવત્તા જળવાતી નથી. ચીફ ઓફિસરે હવે ગુણવત્તા અને બેદરકારી બદલ શિક્ષાત્મક પગલાં લેવાની વાત કરી છે, ત્યારે જોવાનું એ રહે છે કે ખરેખર જવાબદારો સામે પગલાં લેવાય છે કે પછી આ મામલો પણ દબાવી દેવામાં આવશે.

ખેડા-નડિયાદમાં અખાદ્ય ખોરાક વેચનારાઓની હવે ખેર નથી

# ખેડાનાં ફૂડ વિભાગને રેશનિંગ ગોડાઉનમાં ચેકીંગ કરવા આદેશ

**કલેક્ટરે આંગણવાડી,** ડેરી, હોસ્ટેલ મેસમાં સઘન ચેકિંગ હાથ ધરવા આદેશ આપ્યો



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદ કલેકટર કચેરી ખાતે કલેકટર એન.વી.ઉપાધ્યાયની અધ્યક્ષતામાં ‘ઈટ રાઈટ ખેડા-નડિયાદ’ મુહિમ હેઠળ ફૂડ સેફ્ટી વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરે કડક વલણ અપનાવતા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી છે કે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

ખેડા કલેક્ટરે ખાસ કરીને બાળકો અને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને આંગણવાડીઓ, હોસ્ટેલ અને કોલેજની મેસમાં ઈન્ટેન્સીવ ફૂડ સેમ્પલીંગ હાથ ધરવા જણાવ્યું છે. આ ઉપરાંત ડેરી અને રેશનીંગ ગોડાઉન જેવા સ્થળો પર પણ તપાસનો કોરડો વીંઝવા સૂચન કર્યું છે. માત્ર શહેરી વિસ્તારો જ નહીં, પરંતુ જિલ્લાના દૂરના વિસ્તારોમાં પણ ફૂડ સેફ્ટીના નમુનાઓ લેવા માટે તેઓએ ભારપૂર્વક જણાવ્યું છે.

દરમિયાન ડિસેમ્બર ૨૦૨૫થી જૂન ૨૦૨૬ સુધીના ગાળામાં કરાયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ફૂડ સેમ્પલિંગ, અસુરક્ષિત અને સબ સ્ટાન્ડર્ડ ફૂડ સામે કરાયેલી કાર્યવાહી, નવા લાયસેન્સીંગ અને નાગરિકોની ફરિયાદોના નિવારણ જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં એડીશનલ કલેક્ટર વિમલ બારોટ સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઠાસરા : ગણિતની તાલીમમાં શિક્ષકોમાં ઉત્સાહ દેખાયો

**નવીન અભિગમો** અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ દ્વારા ગણિતને રસપ્રદ બનાવવાનું અપાયું માર્ગદર્શન



(પ્રતિનિધિ) ઠાસરા તા.૨૨

ઠાસરા તાલુકામાં ધોરણ-૩ ના ગણિત વિષય માટેની તાલીમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં તાલુકાના શિક્ષકોએ મોટી સંખ્યામાં અને ઉત્સાહભેર ભાગ લઈ નવા પાઠ્યપુસ્તક તેમજ ગણિત શિક્ષણમાં અમલી બનેલા નવીન અભિગમો વિશે ઊંડાણપૂર્વક સમજ મેળવી હતી.

આ તાલીમ દરમિયાન વિષય નિષ્ણાતો દ્વારા ગણિત જેવા વિષયને સરળ, રસપ્રદ અને પ્રવૃત્તિ આધારિત કેવી રીતે બનાવી શકાય તે અંગે જીવંત નિર્દેશન કરવામાં આવ્યું હતું. વિવિધ શૈક્ષણિક સાધનો અને વ્યવહારુ ઉદાહરણો દ્વારા અધ્યાપન કાર્યને વધુ અસરકારક બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમનું આયોજન અત્યંત સુવ્યવસ્થિત અને સમયબદ્ધ રહ્યું હતું. ઉત્તમ બેઠક વ્યવસ્થા અને તાલીમ માટેના અનુકૂળ વાતાવરણને કારણે શિક્ષકો સંપૂર્ણ મનોયોગથી જોડાઈ શક્યા હતા. તાલીમમાં સહભાગી થયેલા શિક્ષકોએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, અહીં પ્રાપ્ત થયેલું માર્ગદર્શન વર્ગખંડમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા અને વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યેનો ડર દૂર કરી રુચિ કેળવવામાં ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે.

# મહુધામાં ૯ બેટરી-સાધનો સાથે રીઢો શખસ પકડાયો

**પોલીસે** ૫૨ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) મહુધા તા.૨૨

ખેડા જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ અટકાવવા માટે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી ખાસ ઝુંબેશ હેઠળ મહુધા પોલીસે મોટી સફળતા મેળવી છે. નાઈટ રાઉન્ડ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે નાયરા પેટ્રોલ પંપ પાસે કન્ટેનરની પાછળ શંકાસ્પદ ગતિવિધિ કરતા એક શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો છે.

મહુધા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એ. જાદવના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે અ.હેડ.કો મહાવીરસિંહ અને અ.પો.કો હર્ષદભાઈને બાતમી મળી હતી કે એક ઈસમ નાયરા પેટ્રોલ પંપ પાસે ઉભા રહેલ કન્ટેનર પાસે શંકાસ્પદ રીતે ઉભો છે. પોલીસે તપાસ કરતા મહંમદસાકીબ સમીરહુસેન શેખ (રહે. લક્કડટોલા, મહુધા) નામનો ઈસમ પક્કડ અને એક્સાઈડ કંપનીની બેટરી સાથે મળી આવ્યો હતો.

આ અંગે પોલીસે મહંમદસાકીબની કડક પૂછપરછ કરતાં કબૂલાત કરી હતી કે આ બેટરી તેણે ચોરી કરી છે. વધુમાં, તેણે અગાઉ દોઢેક માસ પહેલા મહુધા વિસ્તારમાંથી અન્ય ૮ બેટરીઓ પણ ચોરી હોવાનું સ્વીકાર્યું હતું. આ શખસે કુલ ૦૯ બેટરી રૂ.૪૭ હજાર, મોબાઈલ તથા ચોરી કરવાના સાધન મળી કુલ રૂ. ૫૨ હજારના મુદ્દામાલ સાથે પકડી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

કપડવંજ તાલુકાના અંદાજે ૮૦ ટકા વિસ્તારમાં કપાસની ખેતી

# ‘મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી’ યોજનામાં સામેલ કરવા માંગણી

**કપાસ પકવતા** ખેડૂતોને પ્રતિ હેક્ટર ૧૫ હજારની ઇનપુટ સહાય અપાવવા ધારાસભ્યની રજૂઆત



(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૨

કેન્દ્ર સરકાર દ્વારા કપાસનું ઉત્પાદન વધારવા અને ખેડૂતોને આધુનિક ખેતી તરફ પ્રોત્સાહિત કરવાના હેતુથી શરૂ કરવામાં આવેલી ‘મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી’ યોજનામાં ખેડા જિલ્લાના કપાસ ઉત્પાદક તાલુકાઓનો સમાવેશ કરવા કપડવંજના ધારાસભ્ય રાજેશ ઝાલાએ રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર લખી રજૂઆત કરી છે.

કપડવંજ ધારાસભ્યએ રજૂઆતમાં જણાવ્યું છે કે, આ યોજનાનો લાભ ગુજરાતના 21 જિલ્લાઓને આપવામાં આવ્યો છે, પરંતુ ખેડા જિલ્લાનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. જેના કારણે કપડવંજ, ફાગવેલ અને ઠાસરા જેવા કપાસ ઉત્પાદક વિસ્તારોના ખેડૂતો સરકારની મહત્વપૂર્ણ સહાયથી વંચિત રહી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ખેડૂતોને પ્રતિ હેક્ટર 15,000ની ઈનપુટ સહાય આપવાની જોગવાઈ છે.

આ પત્રમાં ધારાસભ્યએ વધુમાં જણાવ્યું છે કે, કપડવંજ તાલુકાના અંદાજે 80 ટકા વિસ્તારમાં કપાસની ખેતી થાય છે. વર્ષોથી ડેમાઈ ખાતે ભારતીય કપાસ નિગમ (CCI)નું ખરીદી કેન્દ્ર કાર્યરત છે અને સાઠંબા માર્કેટ યાર્ડમાં પણ CCI દ્વારા કપાસની ખરીદી કરવામાં આવે છે, જે આ વિસ્તારના કપાસ ઉત્પાદનનું મહત્વ દર્શાવે છે. આ તમામ હકીકતોને ધ્યાનમાં રાખીને ખેડા જિલ્લાના ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય લઈ તેમને પણ યોજનાનો લાભ અપાવવા ભલામણ કરવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ શહેરના લાયન્સ ક્લબ ખાતે ફાયર અવેરનેસ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો



**આણંદ |** કરમસદ - આણંદ ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસીસ દ્વારા લાયન્સ ક્લબના સભ્યો માટે ખાસ ફાયર સેફ્ટી ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ચીફ ફાયર ઓફિસર ધર્મેશ ગોર અને ટીમ દ્વારા આગના પ્રકારો તેમજ ફિક્સ ફાયર ફાઇટિંગ ઇન્સ્ટોલેશન સિસ્ટમના ઉપયોગ અંગે ઊંડાણપૂર્વક સમજૂતી અપાઇ હતી. તાલીમમાં આગ લાગે ત્યારે લેવાના સાવચેતીના પગલાં અને ફાયર બ્રિગેડની કામગીરી વિશે સભ્યોને માહિતગાર કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આણંદ શહેર અને જિલ્લામાં ફાયર સેફ્ટી અંગે જાગૃતિ ફેલાવી સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

### મહીસાગર કલેક્ટરે આંગણવાડીના બાળકોનું સ્વાસ્થ્ય તપાસી શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું



**લુણાવાડા |** ‘કુપોષણ મુક્ત મહીસાગર’ અભિયાન અંતર્ગત કલેક્ટરે બામરોડા આંગણવાડીમાં બાળકોના વજન-ઊંચાઈની જાતે ચકાસણી કરી હતી. આ અભિયાનના બીજા તબક્કામાં જિલ્લાના ૮૬ જેટલા અધિકારીઓને આંગણવાડીઓ દત્તક સોંપી કુપોષણ નાબૂદીનું ભગીરથ કાર્ય આરંભાયું છે. વહીવટી તંત્રના સઘન અને સહિયારા પ્રયાસો થકી મહીસાગર જિલ્લાને સંપૂર્ણ ‘પોષણયુક્ત’ બનાવવાની દિશામાં મક્કમ પગલાં લેવાઈ રહ્યા છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદ જિલ્લા ન્યાયાલય ખાતે બીઓબીના સ્થાપના દિન નિમિત્તે વૃક્ષારોપણ યોજાયું



**નડિયાદ |** બેંક ઓફ બરોડાના ૧૧૯મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે નડિયાદ જિલ્લા ન્યાયાલય પરિસરમાં વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ પરવીન કુમારના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી જે. જે. જાદવની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે બેંકના રીજીયોનલ મેનેજર આશુતોષ કુમાર અને બેંકની ટીમ તેમજ ન્યાયાલયના રજીસ્ટ્રાર સહિતના અધિકારી-કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિવિધ વૃક્ષોના રોપાનું વાવેતર કરાયું હતું.

### વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ યોગા સ્પર્ધાનું આયોજન કરાયું




**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ૨૧ ઓગસ્ટના રોજ આંતર કોલેજ યોગા સ્પર્ધા યોજાઇ હતી, જેનું ઉદ્ઘાટન કુલપતિ ડો. નિરંજનભાઈ પટેલે કર્યું હતું. આ સ્પર્ધામાં ૫૯ જેટલા ભાઈઓ-બહેનોએ ભાગ લઈ પાંચ કમ્પલસરી, ચાર ઓપ્શનલ આસનો અને સૂર્યનમસ્કારનું પ્રદર્શન કર્યું હતું. લકુલીશ યુનિવર્સિટીના નિષ્ણાંતો ડો. સત્યજીતસિંહ ઝાલા અને ડો. હીનાબહેન મોરીએ આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. કન્વીનર ડો. પરેશભાઈ યાદવ અને તેમની ટીમની ભારે જહેમતથી આ સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

### કપડવંજના લાલપુર પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન સંચાલકનો વિદાય સન્માન સમારોહ યોજાયો



**કપડવંજ |** કપડવંજ તાલુકાની લાલપુર પ્રાથમિક શાળાના નિષ્ઠાવાન સંચાલક નરેશભાઈ કોદરભાઈ પરમારની નિવૃત્તિ નિમિત્તે શાળા પરિવાર દ્વારા ભાવભીનો વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ નરેશભાઈની ફરજપરસ્તીને બિરદાવી તેમના સુખમય અને નિરોગી નિવૃત્ત જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે જણાવ્યું કે, બાળકો પ્રત્યેની તેમની નિષ્ઠા અને સેવાઓ શાળા પરિવાર હંમેશા યાદ રાખશે. આ કાર્યક્રમમાં શાળા પરિવાર દ્વારા સાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

### કપડવંજની આર્ટસ અને કોમર્સ કોલેજમાં કવિવર ઉમાશંકર જોશીની જયંતિની ઉજવણી કરાઇ



**કપડવંજ |** કપડવંજની શાહ કે.એસ. આર્ટસ અને વી.એમ. પારેખ કોમર્સ કોલેજમાં ૨૧ જુલાઈના રોજ આચાર્ય પ્રો. એ.બી. પંડાની પ્રેરણાથી ઉમાશંકર જોશીની જયંતિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય વક્તા ધર્મેન્દ્ર ત્રિવેદીએ સર્જકની ટૂંકી વાર્તાઓ અને લેખન પ્રક્રિયા વિશે વિદ્યાર્થીઓને રસપ્રદ માહિતી આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે હર્ષદ ત્રિવેદીનો વિડિયો સંદેશ નિહાળ્યા બાદ ડો. એલ.પી. વણકરે ઉમાશંકરની જાણીતી વાર્તાઓ પર પ્રકાશ પાડ્યો હતો. ડો. ભારતીબહેન આચાર્યના સંચાલન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓએ સર્જકના જીવન-કવન વિશે ગહન જાણકારી મેળવી હતી.

### વિદ્યાનગરની આઈબી પટેલ ઈંગ્લીશ સ્કૂલની બાસ્કેટબોલ ટીમના બે ખેલાડીની રાજ્ય કક્ષાએ પસંદગી



**આણંદ |** મોગરી ખાતે યોજાયેલી SGFI અંડર-17 બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં વલ્લભ વિદ્યાનગરની આઇ.બી. પટેલ ઇંગ્લીશ સ્કૂલ (GIA) ની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સમગ્ર સ્પર્ધામાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું છે. શાળાની બે પ્રતિભાશાળી ખેલાડીઓ, નવ્યા મેહુલભાઈ ઠક્કર અને જેની પી. સરવૈયાની તેમના શાનદાર વ્યક્તિગત દેખાવ બદલ આગામી રાજ્ય કક્ષાની ટુર્નામેન્ટ માટે પસંદગી કરવામાં આવી છે. આ સફળતા આચાર્ય ભાવેશ જી. ભટ્ટ તથા સ્પોર્ટ્સ ટ્રેનર અજય તળપદા અને ચેતન પ્રજાપતિના યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની સખત મહેનતને આભારી છે.

### ચારૂસેટ દ્વારા ફિઝિયોથેરાપીમાં એકેડેમિક એક્સેલન્સ માટે એન્ડોમેન્ટ ચેર એક્ટિવિટી યોજાઈ



**આણંદ |** ચાંગા સ્થિત ચારૂસેટ સંલગ્ન એઆરઆઈપી દ્વારા એકેડેમિક એક્સેલન્સ અને નવા NCAHP અભ્યાસક્રમના અસરકારક અમલીકરણના હેતુથી ત્રણ દિવસીય એન્ડોમેન્ટ ચેર એક્ટિવિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પુણેના નિષ્ણાત પ્રોફેસર ડો. અપૂર્વ પી. શિમ્પી દ્વારા કોમ્પીટન્સી બેઝ્ડ એજ્યુકેશન, સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપી અને ક્લિનિકલ રીઝનિંગ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમમાં સંસ્થાના ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ ઉપરાંત આણંદ જિલ્લાની વિવિધ ફિઝિયોથેરાપી કોલેજોના પ્રતિનિધિઓ મળી કુલ 152 સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ ડો. ધ્રુવ દવેના માર્ગદર્શન હેઠળ આ વિશેષ શૈક્ષણિક કાર્યક્રમનું સફળ સંકલન ડો. ભાર્ગવ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વિદ્યાનગર સ્થિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ‘ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતા’ વર્કશોપ સંપન્ન



**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત બીવીએમના આરએન્ડડી અને આઈપીઆર સેલ દ્વારા TEQIP ના સહયોગથી ‘ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતા’ વિષય પર આયોજિત આ વર્કશોપમાં ૨૧થી વધુ પ્રાધ્યાપકો અને સંશોધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉદ્યોગ નિષ્ણાતો મનીષ કોઠારી અને આદિત્ય શુક્લાએ બિઝનેસ મોડલ કેનવાસ, સ્ટાર્ટઅપ ડેવલપમેન્ટ, અને આઈપીઆર જેવા આધુનિક વિષયો પર પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે સંશોધનોને બજારલક્ષી ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જેથી ટેક્નોલોજી આધારિત ઉકેલો સમાજ અને ઉદ્યોગ માટે ઉપયોગી બની શકે.

### આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજમાં કાલિદાસ જયંતી નિમિત્તે વિશેષ વ્યાખ્યાન યોજાયું



**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના સંસ્કૃત વિભાગ દ્વારા કાલિદાસ જયંતી નિમિત્તે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય વક્તા ડો. ગોપાલ શર્માએ કાલિદાસની અમર કૃતિ ‘અભિજ્ઞાનશાકુંતલમમાં મિત્રતા અને પ્રેમ’ વિષય પર વિદ્યાર્થીઓ સમક્ષ પોતાના વિદ્વતાપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા. તેમણે શકુંતલા અને તેની સખીઓ તેમજ દુષ્યંત અને વિદૂષકની મિત્રતાના ઉદાહરણો આપી કાલિદાસનું સાહિત્ય સાંપ્રત સમયમાં પણ કેટલું પ્રાસંગિક છે તે સચોટ રીતે સમજાવ્યું હતું. આચાર્ય ડો. પ્રશાંત પટેલના પ્રોત્સાહન અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડો. હંસા સોલંકીના સંચાલન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

### કપાસના પાકને ચૂસીયા જીવાતોથી મળશે અસરકારક રક્ષણ, સમસ્યાનો આધુનિક અને વિશ્વસનીય ઉકેલ

**આણંદ |** બેયરે કપાસના પાકમાં મોલો-મસી, લીલી પોપટી અને સફેદ માખીના બચ્ચા સહિત ચૂસીયા જીવાતોના અસરકારક નિયંત્રણ માટે નવી પેઢીનું જંતુનાશક 'ટ્રાન્સ' લોન્ચ કર્યું છે. બે અલગ-અલગ ક્રિયા પદ્ધતિના સંયોજનથી તૈયાર આ પ્રોડક્ટ ખેડૂતોને પાકનું રક્ષણ, વધુ ઉપજ અને નફાકારકતા વધારવામાં મદદરૂપ બનશે. જુલાઈ 2026થી ગુજરાત સહિત દેશના મુખ્ય કપાસ ઉત્પાદક રાજ્યોમાં તે ઉપલબ્ધ બનશે. ટ્રાન્સમાં દ્વિ-પ્રણાલીગત અને આંતરપ્રવાહી અસર હોવાથી હાલના તેમજ નવા પાંદડાનું રક્ષણ થાય છે. દવાના છંટકાવ બાદ બે કલાકમાં વરસાદ પડે તો પણ તેની અસર યથાવત રહે છે અને તે સંકલિત જીવાત વ્યવસ્થાપન (IPM) માટે પણ અનુકૂળ છે. બેયરના ક્રોપ સાયન્સ વિભાગના ભારતના ચીફ ઓપરેટિંગ ઓફિસર મોહન બાબુએ જણાવ્યું કે, અનેક જીવાતો અને વધતા પ્રતિકારને કારણે ખેડૂતો માટે અસરકારક નિયંત્રણ પડકારરૂપ બન્યું છે. 'ટ્રાન્સ' આ સમસ્યાનો આધુનિક અને વિશ્વસનીય ઉકેલ છે, જે પાકનું સ્વાસ્થ્ય, ઉત્પાદકતા અને ખેડૂતોની આવક વધારવામાં મદદ કરશે. ટ્રાન્સ 100 મિલી, 220 મિલી અને 500 મિલીના પેકમાં ઉપલબ્ધ રહેશે.